તા. ૧૦.૦૬.૨૦૨૫

નવગુજરાત સમય, પાના નં. ૦૫

# મેટ્રો રેલના કેબલ કાપવા હાથમાં કરંટ પ્રૂફ મોજાં પહેરી ઝાડ પરથી ઠેકડા માર્યાં

» ગાંધીનગર પોલીસે ખેકડા ગેંગના કારનામાનું રીકન્સ્ટ્રક્શન કર્યું

**નવગુજરાત સમય > ગાંધીનગર**

ગાંધીનગર અને અમદાવાદ ઉપરાંત દેશના અનેક સ્થળે મેટ્રો રેલના કેબલ ચોરનારી ગેંગના ચાર સભ્યોના ચાર દિવસના રીમાન્ડ કોર્ટે મંજૂર કર્યા છે. પોલીસે ચાર પૈકીના બે આરોપીને સાથે રાખી ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કર્યું હતું. ઝાડ પર ચડ્યા બાદ કેબલ કાપવા સુધીની ઘટનામાં આરોપીઓની ચપળતા અને ચાલાકી જોઈને પોલીસ પણ આશ્ચર્યમાં મૂકાઈ હતી. ઝાડ પર ચડતી વખતે આરોપીઓ કેબલ કાપવા માટેનો સામાન પણ સાથે લઈને જતા હતા. કેબલનો અર્થિંગ વાયર કાપ્યા પછી આરોપીઓ હાથમાં કરંટ પ્રૂફ મોજા પહેરીને કેબલ કાપી નાખતા હતા.



બીજી જૂનના રોજ આઈપીએલ મેચ દરમિયાન રાત્રે 2 થી 3ની વચ્ચેના સમયગાળા દરમિયાન કોબા સર્કલ પાસેના મેટ્રો સ્ટેશનથી 700 મીટર કેબલની ચોરી થઈ હતી. રૂ.17.85 લાખની કિંમતના કેબલની ચોરીના મૂળ સુધી પહોંચવા પોલીસે ગાંધીનગરના સી.સી. ટી.વી. ચકાસ્યા હતા. તપાસમાં બે શંકાસ્પદ કાર જોવા મળી હતી. આ બંને કાર સેલ્ફ ડ્રાઈવ માટે ભાડે લેવામાં આવી હોવાનું બહાર આવ્યા બાદ પોલીસે ચાર આરોપીને કલોલ ખાતે ભાડાના મકાનમાંથી ઝડપી લીધા હતા.